સ. મ. પ્રે. ગાં. (એચ.)-૯૯૦-૨૦૦૦-૮-૭૯

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની યાદીમાંથી બાવચા, ભીલ, પઢાર અને મોચીને દૂર કરવા બાબત.

# ગુજરાત સરકાર

મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ

પરિપત્ર ક્રમાંક:બકર-૧૦૭૯/૧૭૯૮૨-ધ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૨મી જૂન, ૧૯૭૯.

**વંચાણમાં લીધા:**—૧. મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો તા-૧-૪-૧૯૭૮નો ઠરાવ ક્રમાંક: બીસીઆર-૧૦૭૮/૧૩૭૩૪-ધ,

૨. ભારત સરકારનો તા. ૧૮-૯-૧૯૭૬નો અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ આદેશો (સુધારો) અધિનિયમ, ૧૯૭૬.

૩ ગુજરાત પછાતવર્ગ બોર્ડ, ગાંધીનગરનો તારીખ: ૫-૩-૧૯૭૯નો પત્ર ક્રમાંક: પવબ/આંકડા/૧૫/૫૬૬/૭૯.

## પરિપત્ર

મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ: ૧લી અપ્રિલ, ૧૯૭૮ના ઠરાવ ક્રમાંક: બીસીઆર-૧૦૭૮/૧૩૭૩૪-ધના જોડાણ-૧માં બાવચા, ભીલ, મોચી અને પઢારની અનુક્રમે ક્રમાંક ૫, ૧૧, ૫૨ અને ૫૫ અન્વયે બક્ષી પંચે સૂચવેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોમાં (૮૨ જ્ઞાતિઓ/વર્ગો/જૂથોમાં) સમાવેશ કરવામાં આવેલ છે.

૨. ભારત સરકારના અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ આદેશો (સુધારો) અધિનિયમ, ૧૯૭૬ અન્વયે બાવચા, ભીલ, પઢાર અને મોચી માટેની વિસ્તાર મર્યાદા દૂર કરવામાં આવી છે, અને ગુજરાત રાજ્યના સમગ્ર વિસ્તારને બાવચા, ભીલ અને પઢારનો અનુસૂચિત જનજાતિના અને મોચીનો અનુસૂચિત જાતિની યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો છે આથી તેને ધ્યાનમાં લઈને બાવચા, ભીલ, પઢાર અને મોચીને બક્ષી પંચે સૂચવેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો (૮૨ જ્ઞાતિઓ/વર્ગો/જૂથો)ની યાદીમાંથી દૂર કરવામાં આવે છે.

૩. ઉપરોક્ત આદેશો અન્વયે બાવચા, ભીલ, પઢાર અને મોચી જ્ઞાતિના લોકોને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અંગેના પ્રમાણપત્રો હવેથી કાઢી આપવાના રહેશે નહિ. તેઓને બક્ષી પંચની ભલામણો અન્વયે સરકારે વખતો વખત નક્કી કર્યા મુજબના (ભવિષ્યમાં નક્કી કરવામાં આવનાર) લાભો/સવલતો પણ તેઓને આપવાની રહેશે નહિ. બાવચા, ભીલ, પઢાર જ્ઞાતિના લોકોને અનુસૂચિત જનજાતિ તરીકે અને મોચી જ્ઞાતિના લોકોને અનુસૂચિત જાતિ તરીકેના લાભો/સવલતો મળવાનું ચાલુ રહેશે.

૪. આ અંગે તાત્કાલિક જરૂરી કાર્યવાહી કરવા અને જરૂરી સૂચનાઓ બહાર પાડવા અને તેની જાણ આ વિભાગને કરવા આથી નિયામકશ્રી, સમાજ કલ્યાણ, ગુજરાત રાજ્ય, અમદાવાદને સૂચના આપવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

બી. ડી. જોષી,
સંયુક્ત સચિવ,
મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ,

(પાછળ જૂઓ)

31

પ્રતિ,

*રાજ્યપાલશ્રીના સચિવશ્રી, ગાંધીનગર,
મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી,
સમાજ કલ્યાણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી (વધારાની પાંચ નકલો સાથે),
અન્ય મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ,
બધા સંસદીય સચિવશ્રીઓના અંગત મદદનીશશ્રીઓ,
સચિવાલયના બધા વિભાગો,
નિયામકશ્રી, સમાજ કલ્યાણ, ગુજરાત રાજ્ય, અમદાવાદ (વધારાની ૧૫ નકલો સાથે),
સચિવશ્રી, ગુજરાત પછાત વર્ગ બોર્ડ, ગાંધીનગર (વધારાની પાંચ નકલો સાથે),
બધા કલેકટરો (બધા મદદનીશ કલેકટરો અને નાયબ કલેકટરોને જાણ કરવાની વિનંતી સાથે),
બધા જિલ્લા વિકાસ અધિકારીઓ (બધા નાયબ જિલ્લા વિકાસ અધિકારીઓ અને બધા તાલુકા વિકાસ અધિકારીઓને જાણ કરવાની વિનંતી સાથે),
બધા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (રાજ્ય) અને (પંચાયત) બધા મામલતદારો (બધા મહાલકારીઓ અને નાયબ-મામલતદારોને જાણ કરવાની વિનંતી સાથે),
સચિવાલયના વિભાગો હેઠળના બધા ખાતાના વડાઓ (તેમની નીચેની કચેરીઓના વડાઓને જાણ કરવાની વિનંતી સાથે)
બધા બોર્ડ/કોર્પોરેશનો,
બધી સુધરાઈઓના મુખ્ય અધિકારીઓ,
મહાલેખાધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ,
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર,
સ્થાનિક તપાસણી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર,
*વિભાગીય નિયામકશ્રી, પછાતવર્ગ કલ્યાણ, ૮, મીલ અધિકારીઓની કોલોની, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯,
*રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ,
*સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર,
*સચિવશ્રી, ગુજરાત તકેદારી પંચ, અમદાવાદ,
*સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા પંચ, અમદાવાદ,
*સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ,
મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગની બધી શાખાઓ,
માહિતી નિયામકશ્રી, ગાંધીનગર, આ અંગે અખબારી યાદી બહાર પાડવા અર્થે,
વિશિષ્ટ ફાઈલ, "હ" શાખા.

---

*પત્ર દ્વારા